# SSGના સર્જરી વિભાગે લેપ્રોટોમી દ્વારા વાળની પથ્થર જેવી ગાંઠ કાઢી

**વાળ** ખાવાની આદતને લીધે બાર વર્ષની બાળકીની હોજરીમાં લગભગ 80 સે.મી. ના કદની પત્થર જેવી ગાંઠ બંધાઈ ગઈ અને ખોરાક આગળ જતો અટકી ગયો

**સાઈકિયાટ્રિસ્ટ** ડો.રાકેશ ગાંધી ના મતે પરિવારજનોએ બાળકોની આ પ્રકારની આદત અટકાવવા નિરીક્ષણ આધારિત કાળજી લેવી જોઈએ



(પ્રતિનિધિ) વડોદરા તા.23

સયાજી હોસ્પિટલના સર્જરી વિભાગે એક ઉમદા કાર્ય કર્યું છે.શહેરના કિશનવાડી વિસ્તારના એક પરિવારની બાર વર્ષની બાળકીની હોજરીમાંથી વાળના ગુચ્છાની પત્થર જેવી સખત ગાંઠ કાઢીને એને તબીબી તકલીફોમાં થી મુક્તિ અપાવી છે.સર્જરી વિભાગ દ્વારા તેના વડા ડો.દિલીપ ચોકસીના માર્ગદર્શન હેઠળ વર્ષ દરમિયાન આ પ્રકારની વિવિધ સર્જરી કરી,જરૂરિયાતમંદ દર્દીઓને રાહત આપવામાં આવે છે.

વડોદરાની સયાજી હોસ્પિટલના સર્જરી વિભાગના સિનિયર સર્જન અને સહ પ્રાધ્યાપક ડો.ડી.કે.શાહનું અનુમાન છે કે આ બાળકી લાંબા સમય થી વાળ ખાતી હોવી જોઈએ કારણ કે તેના લીધે બંધાયેલી 80 સેમીની ગાંઠ આખી હોજરીમાં ફેલાઈને આંતરડા સુધી પહોંચી ગઈ હતી.અને તેના કુટુંબીજનો ને,બાળકી ચોક અને માટી ખાય છે, પણ વાળ ખાય છે એવી ખબર જ ન હતી.આ ગાંઠને લીધે હોજરીમાંથી ખોરાક આગળ જ વધતો ન હોવાથી બાળકીને ઊલટીઓ થતી હતી.બાળકીની તકલીફો જોઈને સર્જરી વિભાગ દ્વારા ચોકસાઈ માટે એન્ડોસ્કોપી કરવામાં આવી હતી.જેમાં હોજરીમાં વાળની ગાંઠ જણાતાં તકેદારીના ભાગરૂપે સત્વરે સર્જરી કરવામાં આવી જેનું સારું પરિણામ મળ્યું છે.આ બાળકીની સારવારમાં સયાજી હોસ્પિટલના સાઈકીએટ્રી વિભાગે પણ બાળકી અને પરિવારજનોનું જરૂરી કાઉન્સિલિંગ દ્વારા સહયોગ આપ્યો છે.આમ તો આ બાળકીને કોઈ મનો ચિકિત્સકિય સમસ્યા ન હતી એવી જાણકારી આપતાં ડો.રાકેશ ગાંધીએ જણાવ્યું કે તેમ છતાં,વાળ જેવી અખાદ્ય વસ્તુ ખાવાની તીવ્ર ઈચ્છા - ઈમ્પલ્સ ના નિયંત્રણમાં ઉપયોગી થોડીક દવાઓ અમે આપી અને પરિવારને બાળકોને આ પ્રકારની આદતો ન પડે એ માટે તેમના નિરીક્ષણની સલાહ આપી. ઘણીવાર કેલશ્યમ જેવા તત્વોની ઉણપ ને લીધે બાળકોમાં ચોક,માટી, કચરો,વાળ જેવી અખાદ્ય વસ્તુઓ ખાવાની તીવ્ર ઈચ્છા થતી હોય છે એવું એમનું કહેવું છે.સયાજી હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો.રંજન કૃષ્ણ ઐયરે આ કિસ્સો વાલીઓ માટે આંખ ખોલનારો હોવાની લાગણી વ્યક્ત કરતા બાળકીની જરૂરી સચોટ સારવાર કરવાની સેવા નિષ્ઠા માટે બંને વિભાગોને હાર્દિક ધન્યવાદ આપ્યા છે.

### બે ત્રણ વર્ષે આવો એકાદ કિસ્સો આવે છે

વિભાગમાં બે ત્રણ વર્ષે એકાદવાર આવા કિસ્સા આવતા હોય છે.બાળક નિર્દોષ અને અણજાણ હોય છે.એટલે પરિવારે તેમની આદતો નું નિરીક્ષણ કરી,જ્યાં વિકૃતિ દેખાય ત્યાં સુધરવાની કાળજી લેવી જોઈએ.અન્યથા આ પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

**- ડો.ડી.કે.શાહ,** સહ પ્રાધ્યાપક

## ઐતિહાસિક ખંડેરાવ મંદિરે આજથી ચંપાષષ્ઠી ઉત્સવનો પ્રારંભ

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા શહેરના આર.વી. દેસાઈ રોડ પર આવેલા ઐતિહાસિક શ્રી ખંડેરાવ મંદિરમાં ચંપાષષ્ઠી ઉત્સવ તા.24 થી તા.29 સુધી ઉજવવામાં આવનાર છે. ઉત્સવ દરમિયાન ભાવિક ભક્તો માટે મંદિર સવારના 9 સુધી ખુલ્લુ રાખવામાં આવશે.તા.28ની સાંજે 4-30 કલાકે શ્રી બોલાઈમાતા મંદિરેથી પીઠી લઈને શ્રી ખંડેરાવ મંદિરમાં વાજતે ગાજતે જશે. તેમાં ભાવિક ભક્તોને જોડાવવા દેવસ્થાન ટ્રસ્ટ તરફથી જણાવાયું છે. સાંજે 4-30 થી 6 દરમ્યાન પીઠીની વિધિનો કાર્યક્રમ શ્રી ખંડેરાવ મંદિરમાં થશે. જેમાં પણ ભક્તજનો જોડાશે. શ્રીજીનો લગ્નોત્સવનો વરઘોડો પાલખીમાં તા.29ના રોજ સાંજે પાંચ વાગ્યે શ્રી બોલાઈ માતાના મંદિરથી વાજતે ગાજતે ભક્તગણ, ભજન મંડળી સાથે નીકળશે. વરઘોડામાં ઘોડાગાડી, વલ્હાર, વારકરી ભક્તો વગેરે જયરત્ન બિલ્ડીંગ થઈને ટાકાકુઈ પોલીસ સ્ટેશનથી શ્રી ખંડેરાવ મંદિર 7-30 કલાકે પહોંચી જશે.શ્રીજીનો શુભ મંગળ વિવાહ રાજવી પરિવારની ઉપસ્થિતિમાં થશે.પાલખીમાં ભગવાન શ્રી ખંડોબાના વરઘોડાનો દર્શનનો લાભ ભક્તજનો લઈ શકશે. મંદિર તા.29ને મંગળવારે સવારે 6 થી રાતના 12 વાગ્યા સુધી દર્શનાર્થીઓ માટે ખુલ્લું રાખવામાં આવશે.

### ચૂંટણી તંત્ર દ્વારા માંજલપુર વિધાનસભામાં ટ્રેનિંગ અપાઈ

# પ્રિસાઈડીંગ ઓફિસરની ટીમને બીજા અને અંતિમ તબક્કાની તાલીમ અપાઈ



(પ્રતિનિધિ) વડોદરા તા.23

વિધાનસભાની બીજા તબક્કાની ચૂંટણીને પગલે ચૂંટણી તંત્ર દ્વારા માંજલપુર વિધાનસભામાં પ્રિસાઈડીગ ઓફિસરની ટીમને બીજા અને અંતિમ તબક્કાની તાલીમ આપવામાં આવી હતી.

ગુજરાત વિધાનસભાની આગામી પાંચમી ડિસેમ્બરે બીજા તબક્કાની ચૂંટણી યોજનાર હોય જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તબક્કા વાર મતદાન મથકમાં બેસનાર પ્રિસાઈડિંગ ઓફિસર તેમજ તેમની ટીમને તાલીમ આપવામાં આવી રહી છે.ત્યારે માંજલપુર વિધાનસભા મતવિસ્તારમાં જે તે મતદાન મથકો પર ફરજ બજાવનાર પ્રિસાઈડીગ ઓફિસર અને તેમની ટીમને બીજા અને અંતિમ તબક્કાની તાલીમ આપવામાં આવી હતી.જેમાં ઈવીએમ મશીન, કંટ્રોલ યુનિટ તેમજ વીવીપેટ કેવી રીતે કામ કરે છે તેનું કેવી રીતે સંચાલન કરવું તે અંગેની ઝીણવટ ભરી માહિતી ઉપરાંત ડમી મતદાન મથક ઊભુ કરી વિશેષ તાલીમ પણ માંજલપુર વિધાનસભાના ચૂંટણી અધિકારી પ્રણવ વિઠાણીએ આપી હતી.નોંધનીય છે કે બીજા તબક્કાની ચૂંટણી આગામી 5 ડિસેમ્બરે યોજાશે. ત્યારે વડોદરા જીલ્લા ચૂંટણી તંત્ર પણ ખડેપગે જોવા મળ્યું છે.તમામ તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે.તેમજ સતત મોનીટરીંગ સાથે ફાળવવામાં આવેલા સ્ટાફને જરૂરી માર્ગદર્શન આપવાની સાથે સાથે માહિતગાર કરવામાં આવી રહ્યા છે.

# સુરસાગર પાસેથી જુગાર રમતા ચાર ખેલી પકડાયા

**એલસીબીએ** દરોડો પાડી 28 હજારનો મુદ્દામાલ કબજે કર્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.23

રાવપુરા પોલીસ સ્ટેશનના વિસ્તારમાં પ્રતાપ ટોકીઝ સુરસાગર સામે ચાલતા જુગાર પર એલસીબી ઝોન-2ની ટીમે દરોડો પાડ્યો હતો. જેમાં 4 ખેલીઓ પકડાઇ ગયા હતા. પોલીસ અંગજતી અને ચાર મોબાઇલ મળી 28 હજારનો મુદ્દામાલ કબજે લઈને રાવપુરા પોલીસનેસોંપવામાં આવ્યો હતો.

વિધાનસભાનીચૂંટણીને લઈને બુધવારે વડાપ્રધાન મોદીના નવલખી ખાતે સભાનું આયોજન કરવામાં આવ્યું હતુ. શહેરની પોલીસ કર્મીઓ પીએમના બંદોબસ્ત વ્યસ્તમાં હતા. જેનો લાભ લઈને કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હતા. લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમ ઝોન -2 બુધવારે વિસ્તારમાં પેટ્રોલિંગની કામગીરી કરી રહી હતી. તે દરમિયાન ફરતા ફરતા વિરભગતસિંહ ચોક પાસે આવતા પો.કો. વિજયસિંહ અરવિંદસિંહ તથા રાજદીપસિંહ કમલેશભાઇને બાતમી મળી હતી કે કેટલાક શખ્સો પ્રતાપ ટોકીઝ સામે સુરસાગર તળાવ પાસે સાંઇબાબાના મંદિરના બાજુમાં જુગારી રમી રહ્યા છે. જેથી સ્ટાફના જવાનોએ બાતમી મુજબના સ્થળ પર દરોડો પાડ્યો હતો.જોકે પોલીસની રેઇડના પગલે જુગારીઓમાં દોડધામ મચી ગઇ હતી. જેમાં અઝરૂદ્દીન અલાઉદ્દીન શેખ (નવાપુરા),શિતલ દિલીપ રાણા (કારેલીબાગ), જગદીશ ઉર્ફે લાલો ચૌધરી (ફતેપુરા) અને આશિષ અશોક સોલંકીને પોલીસે દબોચી લીધા હતા. પોલીસને રેઇડના પગલે જુગારીઓમાં દોડધામ મચી ગઇ હતી. જુગારીઓના અંગજડતી કરતા 17 હજાર અને 4 મોબાઇલ મળી આવ્યા હતા. જેથી પોલીસે જુગારીઓની ધરપકડ કરીને 28 હજારનો મુદ્દામાલ કબજે લઇને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## વૃદ્ધ માતા અને તાત : તાપે છે સગડી કરી



અહો કેવું સુખી જોડું વિધાતાએ નીર્મ્યુંદીસે !!ગુજરાતનાં વિવિધ ભાગોમાં છેલ્લા કેટલાંક દિવસોથી ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.ત્યારે જેના કારણે લોકો સવારથી અને રાત્રી દરમિયાન તાપણી કરતા નજરે જોવા મળી રહ્યા છે.જ્યારે ઠંડીથી રક્ષણ મેળવવા માટે સ્વેટર મફલર અને ગરમ ટોપીનો સહારો લઈ રહ્યા છે.લોકો પણ રસ્તા ઉપર હાલ ગરમ કપડાંથી ઢંકાયેલા નીકળતા જોવા મળી રહ્યા છે. **(તસવીર : રણજીત સૂર્વે)**

### શ્રી સિદ્ધિ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ચિલ્ડ્રન્સ ગર્લ્સ

# હોસ્ટેલમાં 5 વિદ્યાર્થીનીને ફૂડ પોઈઝનિંગની અસર

**રાત્રીના** સામાન્ય ખોરાક આરોગ્ય બાદ એક બાદ એક પાંચ વિદ્યાર્થીનીઓને ઉલટીઓ થતા તંત્રમાં દોડધામ

( પ્રતિનિધિ ) વડોદરા તા.23

વડોદરા શહેર નજીક આવેલ કોયલી ગામની ચિલ્ડ્રન હોમ્સમાં રહેતી 5 વિદ્યાર્થિનીઓને ફૂડ પોઈઝનિંગની અસર થતા ઉલટીઓ થતા તંત્રમાં દોડધામ મચી હતી.તુરંત તમામ વિદ્યાર્થીનીઓને સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

વડોદરા શહેર નજીકના કોયલી ગામે શ્રી સિદ્ધિ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ચિલ્ડ્રન્સ ગર્લ્સ હોસ્ટેલ આવેલી છે. આ હોસ્ટેલમાં 35 જેટલી છાત્રાઓ રહીને અભ્યાસ કરે છે.ગત રાત્રે છાત્રાઓએ દાળ,ભાત, શાક અને રોટલીનું ભોજન કર્યું હતું.ત્યારબાદ રાત્રે 10 વાગ્યે ફૂડ પોઈઝનિંગની અસર થતા એક વિદ્યાર્થિનીને ઉલટી થતા હોસ્ટેલ સંચાલક દોડી આવ્યા હતા.પરંતુ જે બાદ વધુ 4 છાત્રાને પણ ઉલટી થતા 108 એમ્બ્યુલન્સ મારફતે અસરગ્રસ્ત વિદ્યાર્થિનીઓને સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. તપાસ અધિકારીના જણાવ્યા અનુસાર પાંચ પૈકી એક વિદ્યાર્થિનીને તાવ આવી રહ્યો છે.પાંચ વિદ્યાર્થિનીઓમાં ઉ.વ.15 અશ્વિનીબેન ચેતનભાઈ પોરત,ઉ.વ.15 મયુરીબેન ધીરુભાઈ પરમાર,ઉ.વ.17 કંજલબેન મુકેશભાઈ પાટણવાડીયા, દક્ષાબેન રણજીતભાઈ સિંધા સહિત ઉ.વ.17 રેહાનાબેન ગુલામહુસૈન શેખનો સમાવેશ થાય છે.જોકે સમગ્ર બનાવની જાણ થતા જ કોયલીના આગેવાનો પણ ગર્લ્સ હોસ્ટેલ દોડી આવ્યા હતા.બનાવ અંગે જવાહરનગર પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### પત્નીને બોલાવવા માટે ગયા હતા ત્યારે યુવકે ઝઘડો કર્યો

# આજવા રોડ પરના એકતાનગરમાં આધેડ પર યુવકનો ચાકુથી હુમલો

**ઇજાગ્રસ્ત** પિતાને પુત્રએ સારવાર માટે જમનાબાઇ હોસ્પિટલમાં ખસેડ્યો



(પ્રતિનિધિ) વડોદરા તા.23

આજવા રોડ પર સામાજિક પ્રસંગમાં ગયેલી પત્નીને બોલાવવા માટે ગયેલા આધેડને એક શખ્સે ગડદાપાટુનો માર મારી ચાકુ વડે હુમલો કર્યો હતો. તેમનો પુત્ર આવી જતા ઈજાગ્રસ્ત પિતાને જમનાબાઇ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. સારવાર દરમિયાન જ બાપોદ પોલીસ સ્ટેશનમાં હુમલાખોર સામે ફરિયાદ નોંધાવી છે.

આજવા રોડ પર આવેલી એકતાનગરમાં રહેતા બાનુભાઇ થાવળતાસ લાલવાની (ઉં.વ.54) 22 નવેમ્બરે રાત્રે 10 વાગ્યાના સુમારે પત્ની ગોદાવરીબેન પાડોશી રોશનીબેન શર્માના ઘરે સામાજિગ પ્રસંગે ગયા હતા.જેથી તેઓ પત્ની બોલાવવા માટે જતા હતા ત્યારે સરકારી સ્કૂલના ગેટ પાસે રાત્રે અગિયાર વાગ્યાની આસપાસ જૈમિન નગીનભાઈ સોલંકી (રહે,એકતાગનર રામદેવપીરના મંદિર પાછળ) આધેડનો ગાળો બોલવા લાગ્યો ન હતો. જેથી તેઓએ તેના ગાળો નહી બોલવાની કહેતા ઝપાઝપી કરી ગડદાપાટુનો માર મારવા લાગ્યો હતો. ત્યારબાદ ઉશ્કેરાઇને જૈમિન ઘર તરફ ભાગ્યો હતો અને ઘરમાંથી ચાકુ લઈ આવીન આધેડ પર હુમલો કર્યો હતો. જેમાં બાનુભાઇને ઈજાઓ પહોંચી હતી. જોકે તેમની દીકરો લલીતભાઇ આવી જતા તેમને છોડાવ્યા હતા અને સારવાર માટે જમનાબાઇ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેમના ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી હોસ્પિટલમાંથી બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી હુમલાખોરને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### માંજલપુર વિસ્તારમાં એપાર્ટમેન્ટના

# પાર્કિંગમાંથી સાયકલોની ચોરી કરનાર આરોપી ઝડપાયો

**ચાર** સાયકલ મળી 12 હજારનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.23

માંજલપુર વિસ્તારના અલગ અગલ વિસ્તારમાંથી સાઇકલોની ચોરી કરનાર શખ્સને માંજલપુર પોલીસે ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની કડકાઈથી પુછતાછ કરતા ચાર સાયકલોની ચોરી કરી હોવાની કબૂલાત કરતા તેની ધરપકડ કરી 12 હજારનો મુદ્દામાલ કબજે લઇને આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા મિલકત સંબંધીઓના નાસતા ફરતા આરોપીઓને વહેલીતકે શોધી કાઢવાની સૂચના આપવામાં આવી છે. ત્યારે માંજલપુરના જે વિસ્તારમાંથી સાયકલોની ચોરી થઇ હતી. તે વિસ્તારમાં લગાવવામાં આવેલા સીસીટીવે કેમેરાની ફૂટેજો મેળવી પોલીસ પેટ્રોલિંગની કામગીરી કરી રહી હતી. તે દરમિયાન સ્ટાફના પો. હરીશભાઇ વાલજીભાઇને બાતમી મળી હતી કે વાહન ચોરીના આરોપી આવવાનો છે જેના આધારે પોલીસ સ્ટેશનના પીઆઇ એચ આઇ ભાટી સહિતની ટીમે વોચ ગોઠવી હતી. દરમિયાન વાહન ચોર આવતા તેને કોર્ડન કરી ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની આકરી પૂછપરછ કરતા તેણે પોતાનુ નામ વિજય અમરભાઇ ડાભી (રહે. ચામુંડાનગર સર્વોદય વુડાના મકાનની પાછલ ખીસકોલી સર્કલ વડોદરા )નો હોવાનું જણાવ્યું હતું. તેણે ચાર સાઇકલોની ચોરી કરી હોવાની કબૂલાત કરા પોલીસે તેની ધરપકડ કરી ચારેય સાયકલો સાથે રૂ.12 હજારનો મુદ્દામાલ કબજે લઇને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### પૂજ્ય સાધ્વીજી ભગવંતને અત્યારે કરજણ શ્રી સંઘનાં ઉપાશ્રયમાં લાવેલ છે

# પૂજ્ય સાધ્વીજી શ્રી પર્વાદિરત્નાશ્રીજીનો અકસ્માત થતાં કાળધર્મ પામ્યા



**પૂજ્ય** આ.શ્રી રત્નચંદ્ર સુરીશ્વરજી મહારાજ સાહેબ ડહેલાવાળાના શિષ્ય રત્ન પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ઉદયરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા પૂજ્ય સાધ્વીજી શ્રી ગુણદક્ષાશ્રીજી મહારાજ સાહેબની સાથે વિહાર કરતા હતા

(પ્રતિનિધિ) વડોદરા તા.23

પૂજ્ય ગચ્છાધિપતિ આ.શ્રી રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ ડહેલા વાળા સમુદાય ના પરમ પૂજ્ય ગચ્છાધિપતિ અભયદેવ સૂરીશ્વરજી મહારાજ સાહેબ ના આજ્ઞાનુવર્તી સાધ્વીજી બુધવારે સવારે 6.30 વાગે પૂજ્ય આ.શ્રી રત્નચંદ્ર સુરીશ્વરજી મહારાજ સાહેબ ડહેલાવાળાના શિષ્ય રત્ન પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ઉદયરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા પૂજ્ય સાધ્વીજી શ્રી ગુણદક્ષાશ્રીજી મહારાજ સાહેબની સાથે વિહાર કરતા પૂજ્ય સાધ્વીજી, પર્વાદિરત્ના શ્રીજી મહારાજ સાહેબનું સવારે કરજણથી પાલેજ 5 વિહાર સેવક અને પોલિસની વેન સાથે હતી ત્યારે, દિવ્ય વસન્તધામ પાસે એક બોલરો ગાડી દ્વારા એક્સીડેન્ટ થયો છે, જેમાં પૂજ્ય સાધ્વીજી શ્રી પર્વાદિરત્નાશ્રીજી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. પૂજ્ય સાધ્વીજી ભગવંતને અત્યારે કરજણ શ્રી સંઘનાં ઉપાશ્રય માં લાવેલ છે.

જૈન અગ્રણી દીપક શાહે જણાવ્યું હતુ કે આ એક્સિડન્ટ એ ષડયંત્ર હોય તેવું લાગે છે અને આ પુર્વ નિયોજીત કાવત્રુ હોય તેમ લાગે છે તેથી પોલિસ આની તલ સ્પર્શી તપાસ કરી સત્ય બહાર લાવે તેવી જૈન સમાજ ની પ્રબળ લાગણી છે.

### છાણી વિસ્તારમાં રહેતા અને પ્રતાપનગર રેલવે ડીઆરએમના સેકશન એન્જિનિયર સાથે ઓનલાઇન ઠગાઇનો કિસ્સો

# રેલવેના સેકશન એન્જિનયરના બેંક ખાતામાંથી ક્રેડિટ કાર્ડથી રૂા.4.91 લાખ બારોબાર ચાઉં થયા

**બંને ઠગે** હોમ લોન કરી આપીને વિશ્વાસ કેળવ્યો બાદમાં આધેડ સાથે જ છેતરપિંડી આચરી

(પ્રતિનિધિ) વડોદરા તા.23

છાણી વિસ્તારમાં રહેતા અને પ્રતાપનગર રેલવે ડીઆરએમમાં સેકનશ એન્જિનિયર ઓનલાઈન ઠગાઈનો કિસ્સો બન્યો છે. જેમાં એક મહિલા સહિત બે ઠગે તેમને ક્રેડિટ કાર્ડ અપાવ્યા બાદ એક્ટિવેશન કરાવવાનું કહી તેમની પાસે રાખી લીધુ હતું. બાદમાં ક્રેડિટ કાર્ડથી બંને અલગ અલગ ટ્રાન્જેકશન કરીને 4.91 લાખ તેમના ખાતામાંથી બારોબાર ચાઉ કરી લીધા હતા. જેથી એન્જિનિયરે બંને સામે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. છાણી વિસ્તારના રામાકાકા ડેરી સામે આવેલા યોગીનગર ટાઉનશીપમાં રહેતા બચ્ચુસિંહ કિશોરીલાલ (ઉં.વ.54) રેલવે ડીઆરએમ ઓફિસ પ્રતાપનગર ખાતે સેક્શન ઈન્જિનિયર તરીકે ફરજ બચાવે છે. વર્ષ વર્ષ 2019માં તેમનો કાજલ દરજી સાથે ભેટો થયો ત્યારે તેણે પોતાની ઓળખ બ્રોકર તરીકેની બતાવી હતી. ત્યારબાદ કૃણાલ પટેલ મળીને કે પી ફાઈનાન્સના માલિક તરીકેની બતાવી હતી. કાજલ દરજી કૃણાલની ઓફિસમાં નોકરી કરતી હતી.બંનેએ સાથે મળીને તેમના મકાન માટે રૂા.32 લાખની હોમ લોન બજાજ ફાઈનાન્સમાંથી કરાવી હતી. ત્યારબાદ તેઓએ29 લાખની લોન આઈસીઆઈસીઆઈ બેન્કમાંથી ટ્રાન્ફર કરાવી આપી હતી. જેથી તેમને તેમના પર વિશ્વાસ આવી ગયો હતો. વર્ષ 2022ના માર્ચ મહિનમાં કાજ દરજી તથા હિરેન પારેખે તેમના ઘરે આવ્યા હતા અને હિરેન પરીખે એડલવાઈસ લાઈફ ઈન્સોરન્સ પોલિસીમાં એજન્ટ તરીકેની ઓળખ આપી હતી. તેઓએ મને પોલીસ વિષ માહિતી આપી હતી. જેમાં એક વર્ષનું પ્રીમિયમ એક લાખ ભરવાના 12 વર્ષ ભરવાના અને 16 વર્ષનો લાભ મળે પાકતી મુદતે ઈન્કમટેક્સ ફ્રી પણ મળશે.તેમ કહીને પોલીસ લેવડાવી હતી. ત્યબાદ કાજલ અનેકુણાલે બેન્કનું ક્રેડિટ કાર્ડ લેવડાવ્યું હતું. એક્ટિવેટ કરવાના બહાને કાર્ડ તેમની પાસે રાખી એક્ટિવેશનો મેસેજ પણ બંને આપ્યો હતો. ત્યારબાદ વર્ષ 2022માં આઈસીઆઈસીઆઈ બેન્ક તરફથી તેમના પર ભોન આવ્યો હતો જેમાં જણાવ્યું હતું કે તમને ક્રેડિટ કાર્ડથી ટ્રાન્જેક્સન કર્યા છે. ત્યારે તેઓ કોઈ ટ્રાન્જેક્શન ન કર્યા હોવાનું કહ્યું હતું. ત્યારબાદ ફોન આવ્યા બાદ તેઓ સ્ટેટમેન્ટ કઢાવતા 4.91 લાખના ટ્રાન્જેક્શન થયા હોવાનું જણાયું હતું. જેથી તેઓ કાજલ દરજી અનેકુણાલ પટે તેમની જાણ બહાર ક્રેડિટા કાર્ડથી ટ્રાન્જેકશન કર્યા છે. તેમ કહી સાઈબર ક્રાઈમમાં લેખિત ફરિયાદ નોંધાવતા પોલીસ ગુનો નોંધી બંને ઠગોની શોધખોળ હાથ ધરી છે.


ગુજરાતમિત્ર

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' વડોદરા પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર, પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

સરનામુ :- 28/29, બીજો માળ, હિરાવંતી ચેમ્બર્સ, આર્યકન્યા મહાવિદ્યાલય સામે, કારેલીબાગ, વડોદરા. (ફોન : 0265-2462584)

આપ અમને ઈ-મેલ પણ કરી શકો છો! gmbrdpressnote@gmail.com